1/ 25

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના
હેઠળ રીંગરોડના કામો માટે વર્ષ ૨૦૧૪-૧૫ અને
વર્ષ ૨૦૧૫-૧૬માં ગ્રાન્ટની ફાળવણી બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૫/એસ.એફ.-૨૬/ધ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૩/03/૨૦૧૫.

<u>વંચાણે લીધા:</u>

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા. ૧૧/૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: સજય/૧૦૨૦૧૩/૨૨૭/ધ.

<u>ઠરાવ:</u>

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી-૭૮) હેઠળ મહાનગરપાલિકા / નગરપાલિકાઓ અને અને શહેર / વિસ્તાર વિકાસ સત્તામંડળોને આંતરમાળખાકીય સુવિધાઓ સંબંધે વર્ષ ૨૦૧૪-૧૫ માટે સહાયની રકમની ફાળવણી વંચાણે લીધામાં દર્શાવેલ આ વિભાગના તા. ૧૧/૮/૧૪ના ઠરાવથી કરવામાં આવેલ છે. આ ફાળવણીમાં રીંગરોડ માટે વડોદરા મહાનગરપાલિકાને રૂ. ૨૦ કરોડ, રાજકોટ મહાનગરપાલિકાને રૂ. ૧૫ કરોડ, ભાવનગર મહાનગરપાલિકાને રૂ. ૧૯ કરોડ અને જામનગર મહાનગરપાલિકાને રૂ. ૧૯ કરોડ તેમજ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને રૂ. ૫ કરોડ, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળને રૂ. ૧૦ કરોડ, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળને રૂ. ૬ કરોડ અને જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળને રૂ. ૬ કરોડ. આમ કુલ રૂ. ૧૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

૨. ઉકત નાણાકીય ફાળવણી પૈકી કોઇ ખર્ચ થયેલ ન હોવાથી આ બાબતે ચર્ચા-વિચારણા કરવા સારૂ માન. મંત્રીશ્રી (નાણાં) ના અધ્યક્ષપદે તા. ૧૭/૧૨/૧૪ના રોજ એક બેઠકનું આયોજન કરેલ હતું. આ બેઠકમાં વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર મહાનગરપાલિકાના રીંગરોડના કામો તથા વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર શહેરી / વિસ્તાર વિકાસ સત્તામંડળોના રીંગરોડના કામો માર્ગ અને મકાન વિભાગ મારફતે હાથ

ધરવાનો અને આ વિભાગના તા. ૧૧/૮/૧૪ના ઠરાવથી રીંગરોડ માટે ફાળવેલ રૂ. ૧૦૦ કરોડની રકમ માર્ગ અને મકાન વિભાગને તબદિલ કરવાનો નિર્ણય કરવામાં આવેલ હતો. તદ્અન્વયે કાળજીપૂર્વકની વિચારણાના અંતે આ વિભાગના તા. ૧૧/૮/૧૪ના ઠરાવથી વર્ષ ૨૦૧૪-૧૫માં રીંગરોડ માટે ફાળવેલ રૂ. ૧૦૦ કરોડ માર્ગ અને મકાન વિભાગને ફાળવવા અને આ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬માં રીંગરોડ માટે જે રકમ ફાળવવામાં આવશે તે માર્ગ અને મકાન વિભાગને ફાળવવાનું આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) આ વિભાગના તા. ૧૧/૮/૧૪ના ઠરાવ મુજબ વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર મહાનગરપાલિકાને તથા વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર શહેરી / વિસ્તાર વિકાસ સત્તામંડળને રીંગરોડ માટે ફાળવેલ રકમ તેઓએ આ રકમ સંબંધિત જિલ્લાના કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ ખાતે જમા કરવાની રહે છે અને કાર્યપાલક ઇજનેરશ્રીએ આ કામ ડીપોઝીટ વર્ક તરીકે કરવાનું રહેશે.

(૨) વર્ષ ૨૦૧૫-૧૬માં રીંગરોડ માટેની ગ્રાન્ટ ફાળવવામાં આવશે તે માટે પણ ઉપર ક્રમાંક (૧) માં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષ મોદી)

ઉપ સચિવ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

નકલ રવાના પ્રતિ,

- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર મહાનગરપાલિકા.
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી. ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગર.
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની. બ્લોક નં-૫ / ૬ માળ. ઉધોગ ભવન. ગાંધીનગર.

- ❖ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, સેકટર-૧૦/બી, ગાંધીનગર.
- ❖ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ❖ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર શહેરી / વિસ્તાર વિકાસ સત્તામંડળ.
- ❖ અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ❖ કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર ડીવીઝન.
- ❖ સીલેકટ ફાઇલ.